ઓક્ટોબર ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# રિસાય કોણ ?



## સંપાદકીય

બાળમિત્રો,

બધા સુપરહીરોઝ પાસે એક સુપરપાવર્સ હોય છે. જ્યારે એમને એમનું મન-ગમતું કંઈક કરવું હોય ત્યારે આ સુપરપાવરનો ઉપયોગ તેઓ કરે અને આપણે આપણું મનગમતું કરવું હોય અને ના થાય ત્યારે આપણે કયા સુપરપાવરનો ઉપયોગ કરીએ ? રિસાઈ જઈએ !

સુપરહીરોઝ તો બીજાના ભલા માટે એમના સુપરપાવર્સ વાપરે. પણ આપણા રિસાઈ જવાથી આપણું કે કોઈનુંય ભલું ના થાય. ફક્ત નુકસાન જ નુકસાન થાય !

આ અંકમાં જાણીએ, કે રિસાવાથી શું થાય ? રિશીએ કેમ ક્યારેય ના રિસાવાનો નિશ્ચય કર્યો ? ના રિસાવાના કારણે લીલીને શું ગિફ્ટ મળી ? અને હા, આલુ-ચીલીની દુનિયામાં આગળ શું થયું ? ચાલો, વાંચીએ.

\- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

October, 2025
Year 18, Issue : 02
Conti. Issue No.: 206
Published Monthly

સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL




આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
**Click Here :** https://shorturl.at/zyqqd

ચીલીએ આલુ સાથે ઝઘડો કર્યો. એમાં પાર્સલી વચ્ચે પડ્યો, એટલે ચીલી વધારે ગુસ્સે થયો અને છેલ્લે એ આલુની ફ્રેન્ડશિપ તોડીને જતો રહ્યો. આ વાતથી આલુ-ચીલી ખૂબ દુ:ખી છે અને પાર્સલી ચીલીના આવા વ્યવહારથી ખૂબ ગુસ્સે થયો છે. હવે આગળ આલુ શું કરશે ?

હજુ હું કોઈને કંઈ કહું એ પહેલા કોકો બોલી, 'સૉરી આલુ, હું જ્યાં જઉં છું ત્યાં બધું ખોટું જ થાય છે !' અને પછી એ પણ રડતી રડતી જતી રહી. પાર્સલીએ ફરી બોલવાનું ચાલુ કર્યું, 'આલુભાઈ, આ ચીલી બહુ ખરાબ બેસ્ટ ફ્રેન્ડ છે. તમે નવો બેસ્ટ ફ્રેન્ડ બનાવી લો. એક વાર હારી ગયો એમાં તો કેવું કરે છે ! હું મારા બેસ્ટ ફ્રેન્ડ માટે છાપાં (ન્યૂઝ પેપર)માં ઍડ મૂકવાનો છું, તમારે પણ મૂકવી છે ?' અને ત્યાં જ એના દિમાગમાં કોઈ જબરજસ્ત આઈડિઆ આવ્યો અને એ મારી આજુબાજુ આવીને, આંખો પટપટાવીને, કાલુ કાલુ બોલવા માંડ્યો, 'આ...લુ...ભા...ઈ..., એક કામ કરીએ, તમે ને હું બેસ્ટ ફ્રેન્ડ્સ બની જઈએ.'



હું એને કંઈ કહું એ પહેલા એ બોલ્યો, 'હું બેસ્ટ સિંગર અને તમે બેસ્ટ ડાન્સર. વાહ ! શું જોરદાર પેર થશે આપણી !' ત્યાં ફરી જીફ્ફી જોર જોરથી રડવા માંડ્યો. મને ખબર નથી, કે એ પાર્સલીની વાતથી દુઃખી થઈને રડતો હતો કે પાર્સલી પોતાને બેસ્ટ સિંગર માને છે, એ સાંભળીને રડી પડ્યો હતો.

પાર્સલીને આમ મારી આજુબાજુ ઊડતા જોઈને મને ચક્કર આવી ગયા. મેં એને સૂંઢથી પકડીને ડાળી પર બેસાડ્યો અને કહ્યું, 'ચીલી અને હું બેસ્ટ ફ્રેન્ડ છીએ અને ગમે તે થઈ જાય, કાયમ અમે બેસ્ટ ફ્રેન્ડ રહીશું જ...'

પાર્સલીએ મને પૂછ્યું, 'પણ એણે તો...' મેં એને બોલતો અટકાવીને કહ્યું, 'એ મારો બેસ્ટ ફ્રેન્ડ છે. હું સાવ નાનો હતો ત્યારથી અને કાયમ રહેશે !'



આ સાંભળીને થીઓ પૂછ્યા વગર ના રહી શક્યો, 'આલુ, એણે તારી સાથે આવું વર્તન કર્યું, તો પણ... ?' એ લોકો ચીલીનું આજનું વર્તન જુએ છે. પણ મને યાદ છે કે નાનપણમાં ચીલીએ મારા માટે શું કર્યું હતું !

અમે બેસ્ટ ફ્રેન્ડ્સ કેવી રીતે બન્યા, એ વાત મેં એ લોકોને કહી સંભળાવી.

'હું જન્મ્યો ત્યારથી બીજા બધા કરતાં જુદો હતો. બીજા બધા હાથી ગ્રે કલરના હતા અને હું આવો... ઉપરથી મારી પૂંછડી પણ જુદી. હું જ્યાં જાઉં ત્યાં બધા મારી મજાક ઉડાવે. એક દિવસ હું બધાની મજાકથી કંટાળીને રડી પડ્યો, તો ત્યારથી એમણે મારું નામ 'રંગીન રોતલું' પાડી દીધું. પછી મને કોઈ આલુના નામે બોલાવતું જ નહોતું.'



'હું આખો દિવસ ઘરે જ રહેતો હતો. મને ક્યાંય જવું ગમતું નહોતું. પણ જ્યારે મેં પહેલી વાર સ્કૂલમાં સ્કેટિંગ ક્લાસ વિષે સાંભળ્યું, તો મને સ્કેટિંગ કરવાનું બહુ મન થઈ ગયું. હું હિંમત કરીને સ્કેટિંગ ક્લાસમાં જોડાયો. ત્યારે એ બધાએ મને બહુ ચિડવ્યો, 'જોજે રોતલું, તું પડે તો તારો બધો કલર જમીન પર ઢોળાઈ ના જાય', 'હવે રંગીન રોતલું સ્કેટિંગ કરશે, સ્કેટ્સ પણ તારા કલર જેવા જ લેજે.' હું બધાથી ભાગીને તળાવ પર જતો રહ્યો. ત્યાં તળાવના પાણીમાં પોતાને જોઈને એ જ વિચારતો હતો કે, કેમ હું બધા કરતાં જુદો છું...'

**એવું તો ચીલીએ શું કર્યું હતું, કે એના આટલા ખરાબ વર્તન પછી પણ આલુ એના વિષે એક શબ્દ પણ ખરાબ બોલ્યો નહીં. એવું તો શું બન્યું હતું, કે જે આલુને બાળપણમાં બધા હેરાન કરતા હતા, તે આલુ આજે બધાનો ફેવરિટ બની ગયો છે ?**




'અચ્છા બસ ! તું રહેજે મેઈન ડાન્સર. ચલ હવે, માની જા ને. બહુ દિવસ નથી આપણી પાસે. આપણે કેટલી બધી પ્રૅક્ટિસ કરવાની છે.' અકુલે રિશીને મનાવવાની કોશિશ કરી.

બસ, બે અઠવાડિયા પહેલા જ શાલીમાર સોસાયટીના અકુલ, સાહિલ અને રિશીએ ગણપતિ બાપાની પધરામણી વખતે 'દેવા શ્રી ગણેશા' સૉંગ પર ડાન્સ કરવાનું નક્કી કર્યું હતું. પણ બે અઠવાડિયામાં બાર વાર રિશીને કંઈક વાંકું પડ્યું હતું અને એણે ડાન્સ છોડી દેવાની ધમકી આપી હતી. જેમ તેમ કરીને અકુલે એને મનાવ્યો હતો.

'યાર રિશી, તું વાત વાતમાં ખોટું કેમ લગાડે છે ! આપણે તો એવો મસ્ત ડાન્સ કરવાનો છે, કે સોસાયટીમાં બધા આપણને જોતા જ રહી જાય !' સાહિલે હિપહોપ સ્ટાઈલમાં માથું હલાવીને કહ્યું.

"હા, અને આપણી પાસે તો 'ધ વિવેક ગોસાઈ'ના યુ ટ્યુબ વિડિઓ પણ છે. તો બોલો, ગણપતિ બાપા...", અકુલના અવાજમાં જોશ હતો.

'મોરિયા !!', સાહિલે જોરથી કહ્યું અને રિશી મોઢું ફુલાવીને બેસી રહ્યો.

'તમે લોકો બસ તમારા આઈડિઆ પ્રમાણે જ બધું કરો છો ! સૉંગ તમે પસંદ કર્યું અને ડાન્સના સ્ટેપ્સ પણ તમને ફાવે એવા રાખ્યા ! અને મેઈન ડાન્સર પણ અકુલ જ. મારે રહેવું છે મેઈન ડાન્સર !' રિશીએ જિદ્દ પકડી.

'આ શું ફુગ્ગાની જેમ આખો ટાઈમ મોઢું ફુલાવીને બેસી જાય છે ?! એક દિવસ તારી હવા નીકળી જશે', સાહિલે અકળાઈને કહ્યું.

રિશી ગુસ્સે થઈને ત્યાંથી ચાલ્યો ગયો. એના ગયા પછી સાહિલ વધારે ગુસ્સે થઈ ગયો, 'અકુલ, આપણે ક્યાં સુધી એને મનાવીશું ? એને ખબર છે, કે એના વગર ડાન્સ નહીં થાય. એટલે નખરા કરે છે અને હવે એને મેઈન ડાન્સર પણ



બનવું છે. એને ખબર તો છે, કે તું એના કરતાં સારો ડાન્સ કરે છે, તો પણ... !'

'કંઈ નહીં યાર. એને મનાવી લેવાથી ડાન્સ સરસ થતો હોય તો શું વાંધો છે ? હવે વધારે દિવસ નથી રહ્યા. રિસાઈને પણ કેટલું રિસાસે !', અકુલે સાહિલને સમજાવવાની કોશિશ કરી અને રિશીની વાત માનીને એને મેઈન ડાન્સર બનાવી દીધો.

હવે ટાઈમ આવ્યો ડાન્સનો છેલ્લો સ્ટેપ ગોઠવવાનો. અકુલે યુ ટ્યુબ વિડિઓ જોઈને રિશીને સ્ટેપ બતાડ્યો, 'જો રિશી, પહેલા તારે જમણી બાજુ જઈને, જમણો પગ ઉઠાવવાનો. પછી આમ આખું ફરવાનું અને પછી...'

'બસ, બસ, બસ... મને આ બધું બહુ અઘરું લાગે છે. મને નહીં ફાવે !' રિશીએ અકળાઈને કહ્યું.



‘આપણે પ્રૅક્ટિસ કરીશું, તો તને ફાવી જશે. ચલ ને થોડી પ્રૅક્ટિસ કરીએ.’ અકુલે કહ્યું.

પણ રિશી ના માન્યો, ‘તમારે મને ડાન્સમાં રાખવો જ નથી. એટલે જ તમે આવા અઘરા સ્ટેપ્સ રાખો છો ને ? મારે નથી કરવો તમારી સાથે ડાન્સ.’

અકુલ પણ અકળાઈ ગયો, ‘શું કહે છે ? તને ડાન્સમાં ના રાખવો હોત, તો તારી બધી વાતો પણ ના માની હોત. વારે વારે ડાન્સમાંથી નીકળી જવાની ધમકી કેમ આપ છે ? જતાં રહેવું હોય તો જતો રહે.’



‘ઓકે સારું. જાઉં છું. તમે બેઉ કરજો તમારો ડાન્સ !’ કહીને રિશી નીકળી ગયો.

રિશીને ખબર હતી, કે એના વગર ડાન્સ થઈ જ નહીં શકે. કારણ કે, બધા જ સ્ટેપ્સમાં ત્રણ ડાન્સર્સની જરૂર હતી. પણ હવે અકુલ અને સાહિલ રિશીને મનાવી મનાવીને થાકી ગયા હતા.

‘હવે શું કરીશું આપણે ?’ સાહિલે પૂછ્યું.

‘નથી ખબર. ડાન્સના સ્ટેપ્સ બદલી નાખીએ ?’ અકુલે પૂછ્યું.

‘પણ આપણી પાસે ટાઈમ જ ક્યાં છે ! હવે તો બાપાની પધરામણીનો દિવસ પણ નજીક છે. શું કરીશું આપણે ?’ સાહિલ બોલ્યો.

અને ખરેખર, સાહિલ અને અકુલને ખબર પણ ના પડી કે ક્યારે બાપાની પધરામણીનો દિવસ આવી ગયો. રિશી ઑડિઅન્સમાં બેઠો બેઠો આમતેમ નજર ફેરવીને સાહિલ અને અકુલને શોધી રહ્યો હતો. એને ખબર હતી,




કે એના વગર ડાન્સ નહીં થાય. એટલે સાહિલ અને અકુલ પણ નિરાશ થઈને ઑડિઅન્સમાં જ ક્યાંક બેઠા હશે, એમ એણે વિચાર્યું. એને નવાઈ લાગી હતી, જ્યારે અકુલ અને સાહિલ એને મનાવવા ના આવ્યા. એ તો રાહ જોતો જ રહી ગયો, કે ક્યારે એ બેઉ એને ફરી મનાવવા આવે અને એ પાછો ડાન્સમાં જોડાઈ જાય. પણ આઘાત તો ત્યારે લાગ્યો, જ્યારે એણે અકુલ અને સાહિલને સ્ટેજ પર જોયા. જોતાની સાથે જ રિશીથી બોલાઈ ગયું, 'મારા વગર ડાન્સ !' રિશી વગર તેઓ ડાન્સ જ નહોતા કરવાના, પણ રિશીની જગ્યાએ સ્ટેજ પર હવે એક નવો છોકરો હતો. રિશીને બેઠા બેઠા જ ચક્કર આવી ગયા. ડાન્સ શરૂ થયો અને ત્રણેયનો ડાન્સ



જોઈને રિશી તો દંગ જ રહી ગયો. આટલા ઓછા દિવસમાં એમને આટલો સારો ડાન્સર મળી ગયો અને એણે બધા સ્ટેપ્સ શીખી પણ લીધા ! રિશીને વિશ્વાસ જ નહોતો આવતો. પણ એ દિવસે તો જાણે રિશીને શૉક પર શૉક જ મળ્યા. ડાન્સ પૂરો થયા પછી, જ્યારે વિવેક ગોસાઈને એણે સ્ટેજ પર જતાં જોયા, ત્યારે એણે એની આંખો બે-ત્રણ વાર ચોળી. 'યુ ટ્યુબ'વાળા વિવેક ગોસાઈ અહીં !!

વિવેક ગોસાઈએ સ્ટેજ પર જઈને બાળકોને અભિનંદન આપ્યા અને સાથે સાથે બાળકોને એમના એક ટી.વી. શૉમાં




ડાન્સ કરવાનું આમંત્રણ પણ આપ્યું. ઑડિઅન્સમાં બેઠેલા સાહિલ, અકુલ અને પેલા ત્રીજા બાળકના પરિવારે પોતાની જગ્યાએ ઊભા થઈને ખૂબ જોરથી તાળીઓ પાડી. સાહિલ અને અકુલની નાની બહેનોએ તો જોર જોરથી બૂમો પાડીને પોતાનો ઉત્સાહ દેખાડ્યો. સાહિલ અને અકુલની ખુશીનો પાર ના રહ્યો.

બીજી બાજુ રિશીના મમ્મી ચૂપચાપ રિશીને જોઈ રહ્યા હતા. રિશીનો અફસોસ જોઈને એમને ખૂબ જ દુઃખ થયું. રિશીએ પોતાના મમ્મીના ખભે માથું મૂકીને કહ્યું, ‘આજે હું સ્ટેજ પર હોત, તો મને પણ ટી.વી પર ડાન્સ કરવાનો ચાન્સ મળી શક્યો હોત.’ તે દિવસે રિશીને સમજાયું, કે રિસાવવામાં કેટલું બધું નુકસાન છે. સાહિલે એને ઘણી વાર કહ્યું હતું, કે ફુગ્ગાની જેમ મોઢું ફુલાવીને બેસી જાય છે, તો એક દિવસ તારી હવા નીકળી જશે અને તે દિવસે ખરેખર એની હવા નીકળી ગઈ.



# ચાલો રમીએ...

**નીચે આપેલા રાઉન્ડમાં કયો નંબર આવશે એ શોધો.**




20 18 15 8 5

19 13 10 6

17 16 12 9 4

14 11 7 2

1 3

# ચાલો રમીએ...

નીચે આપેલી વસ્તુઓ ચિત્રમાં ક્યાં છે એ શોધો.







# જ્ઞાનીઓ કહે છે...

ખરો બુદ્ધિશાળી કોઈથીય રિસાય નહીં. રિસાય એટલે ખોટ જાય. તમે એક દહાડો રિસાઈને રાત્રે ધમપછાડા કરીને ના ખાવ, તો પછી બધા શું કરે ? બધા જાગતા રહે ? વખત થાય એટલે બધાય ઊંઘી જાય. એટલે ખોટ તમને જાય. આ રિસાવાથી તને આ જે આનંદ આવતો હોય તેય જતો રહે.

એ તો એવું છે ને, કે આ ગાડીના ગાર્ડ જોડે કે ડ્રાઈવર જોડે હું રિસાયો, તો પેલો થોડી વારે કહે કે, 'ભાઈ, બેસી જાવ ને ! અત્યારે શું કામ ઝઘડો કરો છો ? બેસી જાવ ને !' પણ હું રિસાઉં, કે 'બેસવાનો જ નથી, બસ !' તો પેલો હડહડાટ ટ્રેન ઉપાડી જાય કે ના ઉપાડી જાય ? જગત કંઈ ઊભું રહેતું હશે ? જગત તો ચાલ્યા જ કરવાનું. તમે એની જોડે 'એડ્જસ્ટ' થાવ.



એક-બે ફેરો નાનપણમાં મેં રિસાઈ જોયેલું, પાંચ-સાત વર્ષે. તે અમારા સગાંવહાલાંના છોકરાં આવેલા. તે બાએ કશું આપ્યું, તે મને ઓછું પડ્યું. કંઈ ખાવાની સારી ચીજ હશે, તે મને ઓછી મળી મારા પ્રમાણમાં. એટલે પછી મેં કહ્યું, 'મારે નથી ખાવું.' ત્યારે રિસાયો. એટલે કંઈ વસ્તુ મને આપવાની કહે, મને ઓછી પડે એટલે હું રિસાઉં. તે પેલી જે વસ્તુ હતી તે ત્યાં ને ત્યાં રહી ગઈ, પેલા છોકરાં ખઈને જતા રહ્યા. મારી વસ્તુ ત્યાં ને ત્યાં રહી ગઈ. પછી એ હતી તેય કો'ક ખાઈ ગયું. રાતે હું ખોળું ત્યારે જડે નહીં. મેં કહ્યું, 'પેલું કંઈ છે ?' ત્યારે કહે, 'એ ખલાસ થઈ ગયું ભઈ.' ત્યારે મેં કહ્યું, 'હાય ! આ તો રિસાયાની ખોટ ખાધી આપણે.'

મેં હિસાબ કાઢી નાખેલો, કે આમાં ખોટ છે બધી. માટે મારે ફરી રિસાવું નથી.


Balvignan Presets
ZigZag Zoom
Twist the mind & fix the pieces!!
Coming Soon
126 Challenges & Solutions
Age Group 6-99 years
ZigZag Zoom
Twist the mind & fix the pieces!!
Enhances logical reasoning
Develops out of the box thinking
Builds family bonding
Hello friends! Theo and friends are here to take you to the beach where they will make you play a fun-filled puzzle game. Are you ready to rattle your minds and fiddle your brains? Then, enjoy this game with them, which has twists, turns and a lot of fun.
Get ready and set up your table with this wonderful puzzle and immerse yourself in the sea of challenges.

# ચોકો ટુટી-ફ્રુટી રોલ



ટુટી-ફ્રુટી
૧/૪ કપ



કોકો પાઉડર
૨ ચમચી



કન્ડેન્સ્ડ મિલ્ક
૧/૨ કપ



મેરી બિસ્કિટ
પાઉડર - ૧ કપ



**રીત:** ૧. બિસ્કિટ પાઉડર, કોકો અને કન્ડેન્સ્ડ મિલ્ક મિક્સ કરી લોટ જેવું બાંધો.

૨. લોટને પાતળો વણો, ઉપર ટુટી-ફ્રુટી પાથરો.

૩. રોલ બનાવી અડધો કલાક ફ્રિજમાં રાખો.

૪. સ્લાઇસ કાપો - રંગબેરંગી ચોકો-ટુટી ફ્રુટી રોલ તૈયાર.


# નીરુમા કહે પોતાની વાત...




એક વાર મેડિકલ કૉલેજમાં મારે નાઈટ ડ્યૂટી હતી. છત્રીસ કલાક નૉન સ્ટોપ કામ કરીને પછી ઘેર આવ્યા હતા. બે મિનિટ પણ બેસવાનો ટાઈમ નહોતો મળ્યો. જબરજસ્ત ભૂખ લાગી હતી અને મગજ સાવ થાકી ગયું હતું.

નાહી-ધોઈને જમવા બેઠા. તે દિવસે શિખંડ બનાવ્યો હતો. ભાભીએ પીરસ્યો. મેં ચાખ્યો, પણ ભાવ્યો નહીં. મેં ભાભીને કહ્યું, ‘તમને ખબર છે ને, કે મારા શિખંડમાં મલાઈ હોવી જ જોઈએ. આ તો તમે બધાનો બનાવ્યો, એવો મારો પણ મલાઈ વગરનો સાદો બનાવી કાઢ્યો ?! નથી ખાવો મારે.’ ભાભીએ કહ્યું, ‘હું હમણાં મલાઈ નાખી આપું.’ પણ મેં કહ્યું, ‘હવે નહીં !’ અને રૂમમાં જઈને બારણાં બંધ કરીને બેસી ગયા.

આખું ઘર ભેગું થઈ ગયું. બધાને થયું, ‘હવે શું કરીશું ?



કેવી રીતે મનાવીશું ? હવે કાલ સુધી બહાર નહીં નીકળે. ખાશે-પીશે નહીં.'



અમે તો જેવા બારણાં બંધ કર્યાં, કે બે જ મિનિટમાં અંદર થયું કે, 'અરરર ! આ શું કર્યું આપણે ? આમાં ક્યાં કોઈનો કંઈ વાંક હતો ?' એટલે તરત જ બારણું ખોલીને બહાર આવ્યા. હસતા હસતા આવીને ટેબલ પર બેસી ગયા. બધાને હાશ થઈ. પછી ક્યારેય કોઈ દહાડો નથી રિસાયા.

દાદાએ ખાસ કહ્યું હતું, કે 'આ નીરુબેન અમારી જોડે આટલા વર્ષો રહ્યા. પણ કોઈ દહાડો અમારી જોડે રિસાયા નથી.' મેં દાદાને કહ્યું, 'દાદા, આપની સાથે શું રિસાઉં ? એક મિનિટ પણ તમારાથી દૂર જવાનું મને ગમતું જ નથી. તમારાથી રિસાઈને એક મિનિટ પણ હું દૂર જઉં, તો મારી શું હાલત થાય ! મને બહુ ભારે પડે. એટલે હું તો કોઈ દહાડો ના રિસાઉં, દાદા.'

# પાંખ







ગ્રીનલૅન્ડમાં રહેતી લીલીનું બસ એક જ સપનું હતું, મોટી પાંખો મેળવવાનું ! પણ એક પતંગિયાની પાંખો કેવડી હોય અને એ કેટલું ઊંચે ઉડી શકે ? પણ લીલીને તો ઊંચે ઊંચે ઉડવું હતું. ખબર છે કેમ ? કારણ કે એને જાણવું હતું કે, ‘વાદળોની પેલે પાર કોઈ નગર છે ? ત્યાં કોઈ રહે છે ?’



'શું મિસ લીલી ! તમારા સપનાને પાંખો મળી કે નહીં ?' લીલીનો ફ્રેન્ડ ગ્રાસી (grasshopper) બોલ્યો. 'હા, ગ્રાસી. મારું સપનું પૂરું થશે. આપણે સાથે મળીને મોટી પાંખો બનાવીશું અને વાદળોની પેલે પાર જઈશું !' લીલીએ આકાશ તરફ નજર કરીને કહ્યું.






'હા, હા લીલી આપણે બનાવીએ !', રોઝી બોલી.


'બોલ્યા, મિસ ચમચીબેન !', ગ્રાસીએ રોઝીની મજાક ઉડાવી.

રોઝી નારાજ થઈને બોલી, 'ગ્રાસી, તું તો મારી સાથે વાત જ ના કરીશ !'






'ઓ રોઝી, આવી નાની નાની વાતમાં શું ખોટું લગાડવાનું ! જો પાંખો સાચે જ બની જશે, તો આપણે વાદળોની પેલે પાર આવેલી દુનિયામાં જઈશું. કેટલી મજા આવશે !' લીલીએ રોઝીને સમજાવી અને મોટી પાંખો બનાવવાની રીત પણ કહી.




દિવસ-રાત એક કરી લીલી, રોઝી અને ગ્રાસી પાંખો બનાવવામાં લાગી ગયા અને આખરે મોટી પાંખો બની ગઈ.
ગ્રાસી બોલ્યો, 'બની તો ગઈ, પણ આ પાંખો રોઝીનું વજન ઝીલશે ?!'

રોઝી રિસાઈને બોલી, 'મારે ગ્રાસી સાથે ક્યાંય નથી જવું.' લીલીએ ગ્રાસી સામે આંખો કાઢી અને રોઝીને સમજાવવાની કોશિશ કરી, 'રોઝી, ગ્રાસી તો એમ જ બોલે છે. તું એની વાતોનું ખોટું ના લગાડીશ.'




'લીલી, તને જ્યારે ખોટું લાગશે, ત્યારે તને ખબર પડશે' રોઝી અકળાઈને બોલી. ગ્રાસીએ રોઝીને 'સૉરી' કહ્યું અને ફરી ક્યારેય એની મજાક નહીં ઉડાવે, એવું પ્રૉમિસ આપ્યું. ત્યારે રોઝી માની. ત્રણેવ ઉડવા માટે તૈયાર થઈ ગયા. ત્રણેવ ઝાડની ડાળી પર ગોઠવાઈ ગયા. લીલીએ પાંખો પહેરી. ગ્રાસી અને રોઝી લીલીના ખભે, એની મોટી પાંખોની પાછળ બેઠા.



'૧,૨,૩...' કહી લીલીએ આકાશ તરફ જોયું અને ઉપર ઉડવા માટ પાંખો ઊંચી કરી. પણ ત્રણેવ ધબ્બ દઈને નીચે પડ્યા. ઘાસ પર પડવાથી રોઝી અને ગ્રાસીને તો બહુ ના વાગ્યું, પણ પાંખોના વજનના કારણે લીલીને થોડું વાગ્યું.

પણ વાગવા કરતાં લીલીને પોતાનું સપનું તૂટવાનું દુઃખ વધારે થયું. લીલીને એના ઘરે મૂકીને રોઝી અને ગ્રાસી પોતપોતાના ઘરે જવા માટે સાથે નીકળ્યા.





અંધારું થઈ ગયું હતું. બંને ધીરે ધીરે ચાલી રહ્યા હતા. અચાનક એમને મોટી પાંખોવાળી સફેદ ચળકતી પરી દેખાઈ. બંને તો સુંદર પરીને જોતાં જ રહી ગયા. એક સેકન્ડ માટે તો બંનેને થયું, કે તેઓ કોઈ સપનું જોઈ રહ્યા છે. પણ પરી બોલી, 'હું વાદળોની પરી છું. આજે ગ્રીનલૅન્ડમાં ફરવા નીકળી છું. મારો ઘરે જવાનો ટાઈમ થઈ ગયો છે. તમારે મારી સાથે વાદળોની પેલે પાર, મારા ઘરે આવવું છે ?'






રોઝી અને ગ્રાસી તરત માની ગયા. પરીએ બન્ને પર એક ચળકતો પાઉડર છાંટ્યો અને પાંખો વગર જ બેઉ ઊંચે ઊંચે ઉડવા લાગ્યા. પરી આગળ અને રોઝી-ગ્રાસી પાછળ. જોતજોતાંમાં બંને પરીલૅન્ડમાં પહોંચી ગયા. આટલી સુંદર દુનિયા જોઈને બંને ચકિત થઈ ગયા. ત્યાં તો રોઝીને યાદ આવ્યું, કે લીલીને કહેવાનું તો રહી જ ગયું અને એ ત્યાં જ થોભી ગઈ.




‘ગ્રાસી, આપણે લીલીને તો કહ્યું જ નહીં !’ રોઝીએ ધીમા અવાજે ગ્રાસીને કહ્યું. ‘અરે, પણ આપણી પાસે એને કહેવાનો ટાઈમ જ ક્યાં હતો ?’ ગ્રાસી બોલ્યો.




પરી બંનેની વાતો સાંભળી ગઈ, ‘તમારી કોઈ ફ્રેન્ડ છે, જેને લાવવાની રહી ગઈ ?’





‘હા. એને બહુ જ ઈચ્છા હતી, આ દુનિયા જોવાની. અરે, એના આઈડિયાથી તો અમે પાંખો પણ બનાવી હતી. પણ એ પાંખો કામ ના લાગી અને આજે એને જ કીધા વગર અમે અહીં આવી ગયા !’, રોઝીએ દુઃખી થઈને કહ્યું.



પરીએ રોઝીની વાત શાંતિથી સાંભળી. પછી બંનેને પરીલૅન્ડમાં ફેરવ્યા અને એમને પાછા એમના ઘરે, ગ્રીનલૅન્ડમાં મૂકીને પરીલૅન્ડમાં ઉડી ગઈ. બંનેએ નક્કી કર્યું, કે બીજા દિવસે તેઓ લીલીને કંઈ જ નહીં કહે. પણ લીલીએ જ સામેથી પૂછ્યું, 'તમારા પર આ ચળકતો પાઉડર ? આ પાઉડરથી તો ઉડી શકાય ને ?', કહી એણે રોઝીની પીઠ પરથી થોડો પાઉડર લઈને એક પાંદડાં પર મૂક્યો અને પાંદડું ઉડવા લાગ્યું.








'સૉરી લીલી, અમને એમ, કે તું અમારાથી રિસાઈ જઈશ. એટલે અમારે તને નહોતું કહેવું, કે અમને કાલે પરી મળી હતી અને અમારા પર આ ચળકતો પાઉડર છાંટીને, એ અમને પરીલૅન્ડમાં લઈ ગઈ હતી.' રોઝીએ કહ્યું.


'અરે એમાં શું રિસાવાનું ? હું તો તમારા માટે ખુશ છું, કે તમે પરીલૅન્ડ જઈ આવ્યા. ચાલો, ચાલો... હવે મને કહો કે પરીલૅન્ડ કેવું છે ?!' લીલીએ ઉત્સુક થઈને પૂછ્યું.

'લીલી, તું અમારાથી રિસાઈ નહીં ? તને ખોટું ના લાગ્યું ?' રોઝીએ નવાઈપૂર્વક પૂછ્યું.




‘ના, રિસાવાથી શું ફાયદો ? હું રિસાઉં, તો મારી ખુશી ગાયબ થઈ જાય. મૂર્ખ હોય તે રિસાય. હું તો સ્માર્ટ છું અને મારા રિસાવાથી કાલ રાતવાળી પરી પાછી થોડી આવી જશે ?’ લીલીએ હસતાં હસતાં કહ્યું.

‘પણ, તારા ના રિસાવાથી પરી તો આવી શકે ને...’, કહીને પરી ત્યાં પ્રગટ થઈ અને લીલી પર પેલો ચળકતો પાઉડર છાંટીને કહ્યું, ‘તારી પાંખો હવે એટલી મજબૂત થઈ જશે, કે તું જ્યારે ચાહે ત્યારે ઉડીને પરીલૅન્ડ આવી શકીશ અને તારા ફ્રેન્ડ્સને પણ તારી પાંખો પર બેસાડીને લાવી શકીશ ! તું ક્યારેય રિસાતી નથી, એટલે જ તને ઊંચે ઊંચે ઉડવાની તક મળે છે.’



# અને છેલ્લે છેલ્લે

યુધ્ધના મેદાનમાં રાવણ ઘાયલ થઈને પડ્યા હતા. એમના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. આ વાતની ખબર પડતાં શ્રી રામની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. આ જોઈને લક્ષ્મણને નવાઈ લાગી. લક્ષ્મણના મનમાં હતું, કે દુશ્મન મરવા પડ્યો, ત્યારે તો ખુશી થવી જોઈએ. લક્ષ્મણે આતુરતાથી શ્રી રામને પૂછ્યું, 'આપના આંખમાં આંસુ કેમ ?'



શ્રી રામે કહ્યું, 'રાવણ તો ગુણોના ભંડાર છે. એમણે સીતાનું અપહરણ કર્યું, તે વાત બાજુએ રાખીએ, તો એમના કેટલાયે ગુણો છે, જે પ્રશંસા કરવા યોગ્ય છે. અત્યારે રાવણનું મન કેટલું દુ:ખી હશે ! લક્ષ્મણ, તું હમણાં જ જા અને રાવણ જેવા મહાપુરુષના અંતિમ દર્શનનો લાભ લે.'

લક્ષ્મણ તરત જ રાવણ પાસે ગયા. પોતાના ભાઈ શ્રી રામે કહેલી બધી વાત રાવણને કહી. છેલ્લે કહ્યું, 'રાવણ, તમે ખરેખર મહાન છો, કે તમારા મૃત્યુ પર શ્રી રામ રડી રહ્યા છે.'

રાવણ બોલ્યા, 'મહાન તો શ્રી રામ છે. જે પોતાના દુશ્મનનાય ગુણો ગાય છે ! હવે સમજાયું, કે આખું જગત શ્રી રામને વંદન કેમ કરે છે !'

લક્ષ્મણ સ્તબ્ધ થઈ ગયા. ઘડીભર તો એમને ખબર જ ના પડી, કે ખરેખર મહાન કોને ગણવા ? શ્રી રામને ? રાવણને ? કે બેઉને ?

